# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-08-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. સમાન નાગરિક સંહિતાની જરૂરિયાત ચકાસવા રચાયેલી સમિતિ ટૂંક સમયમાં પોતાનો અહેવાલ મુખ્યમંત્રીને સુપરત કરશે
2. રાજ્યમાં બહારથી આવતી ડુપ્લીકેટ અને નકલી દવાઓની સઘન ચકાસણી માટે SOP તૈયાર કરાશે
3. કેશોદ હવાઈમથક પર જાન્યુઆરી 2027 સુધીમાં મોટા વિમાનોનું સંચાલન થશે-નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રીનું રાજ્યસભામાં નિવેદન
4. નાના અને મધ્યમ કક્ષાના દવા ઉત્પાદકો માટેના ફાર્મા એન્ડ લેબટેક એક્સપો-2025નો ગાંધીનગરમાં પ્રારંભ
5. કચ્છની જવાહર નવોદય વિદ્યાલયના 29 વિદ્યાર્થીઓની રમત-ગમત સ્પર્ધામાં રાષ્ટ્રીયકક્ષાએ પસંદગી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# UCC MEET

સમાન નાગરિક સંહિતાની જરૂરિયાત ચકાસવા રચાયેલી સમિતિ એક મહિનામાં પોતાનો અહેવાલ મુખ્યમંત્રીને સુપરત કરી શકે છે.

ગાંધીનગરમાં આજે મુખ્યમંત્રી સાથેની બેઠક બાદ યુસીસી સમિતિના વડા રંજના દેસાઈએ જણાવ્યું કે UCCની જરૂરિયાત ચકાસવા હવે વધુ કોઈ એક્સ્ટેન્શનની જરૂર નથી. અત્યાર સુધી યોજાયેલી તમામ બેઠકના રેકોર્ડ રખાયા છે. આ અંગે વધુ માહિતી આપતા પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે સમિતિને સવા લાખથી વધુ રજૂઆતો મળી છે.

**(બાઇટ: ઋષિકેશ પટેલ, પ્રવકતા મંત્રી)**

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં સમાન નાગરિક સંહિતાની જરૂરિયાતને ચકાસવા રાજ્ય સરકારે નિવૃત ન્યાયમૂર્તિ રંજના દેસાઈની અધ્યક્ષતામાં સમિતિની રચના કરવામાં આવી હતી, જેમાં નિવૃત્ત વરિષ્ઠ સનદી અધિકારી સી.એલ. મીના, એડવોકેટ આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર્તા ગીતાબેન શ્રોફનો સમાવેશ કરાયો હતો.

. . . . . . . . . . .

# Counterfeit Medicine- SOP

રાજ્યમાં બહારથી આવતી ડુપ્લીકેટ અને નકલી દવાઓની સઘન ચકાસણી માટે રાજ્ય સરકાર દ્વારા SOP તૈયાર કરાશે. સત્તાવાર યાદીના

જણાવ્યા મુજબ, SOP અમલીકરણ સાથે નકલી દવાઓ સામે કડક કામગીરી કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું કે, છેલ્લા ૪ વર્ષમાં રાજ્યમાં બનાવટી દવાઓ અને કોસ્મેટીક બનાવટો સામે દરોડા પાડીને આશરે ૬ કરોડ રૂપિયાથી વધુની નકલી બનાવટો જપ્ત કરવામાં આવી છે.

આ પ્રકારની દવાઓ રાજ્યમાં પ્રવેશતી અટકાવવા અને આવે તો તુરંત પકડી પાડવા વડોદરાની લેબોરીટરી ઉપરાંત રાજયમાં ટૂંક સમયમાં નવી ૩ ટેસ્ટીંગ લેબ શરૂ કરાશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

. . . . . . . . . . .

# KESHOD AIRPORT

જૂનાગઢનું કેશોદ હવાઈમથક જાન્યુઆરી 2027 સુધીમાં મોટા AB-320 પ્રકારના વિમાનોનું સંચાલન કરવા સક્ષમ બનશે.

રાજ્યસભામાં આજે સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલે આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતું કે ભારતીય હવાઈ મથક સત્તામંડળે કેશોદ હવાઈમથકના રન-વેને 2500 મીટર સુધી લંબાવવા અંદાજે 364 કરોડ રૂપિયાના ખર્ચે વિકાસ કામ હાથ ધર્યું છે. આ ઉપરાંત નવું ટર્મિનલ બિલ્ડિંગ એક સાથે 400 આગમન અને 400 નિર્ગમન કરતા

મુસાફરોની સુવિધા સાચવી શકે તે રીતે તૈયાર કરાશે. અંદાજે જાન્યુઆરી 2027માં આ કાર્ય પૂર્ણ થશે.

આ અંગે શ્રી નથવાણીએ જણાવ્યું કે, આ કામને પરિણામે એશિયાઇ સિંહોને જોવા માટે આવતા લોકોને ગીર નેશનલ પાર્કની મુસાફરી કરવી સરળ બનશે. આ ઉપરાંત, સોમનાથ મંદિરની મુલાકાત લેવામાં ઘણી સરળતા રહેશે.

. . . . . . . . . . .

# PHARMA & LAB TECH EXPO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં ફાર્મા એન્ડ લેબટેક એક્સપો-2025નો પ્રારંભ કરાવ્યો. 25 હજાર ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા આ પ્રદર્શનમાં 400થી વધુ પ્રદર્શકો દવાઓ અને દવા ઉત્પાદનો તેમજ ઉત્પાદન મશીનરી-સાધનો પ્રદર્શિત કરશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં પ્રદર્શનના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી.

આ એક્સપો દેશના નાના અને મધ્યમ કક્ષાના ફાર્મા મશીનરી, એન્જિનિયરિંગ ઉત્પાદકો અને ઔષધીય ઉત્પાદનો, લેબટેકને યોગ્ય મંચ પૂરું પાડશે. તેમ એક્સપોના આયોજક અર્જવ શાહે જણાવ્યુ હતું.

(બાઇટ: અર્જવ શાહ, આયોજક)

. . . . . . . . . . .

# ABHIRAKSHAK VEHICLE

**ગંભીર માર્ગ અકસ્માતો સર્જાય ત્યારે ‘ગોલ્ડન અવર્સ’માં ઇજાગ્રસ્તોને બચાવવા વિશેષ પ્રકારના વાહન ‘અભિરક્ષક’ને રાજ્ય પોલીસ દળમાં જોડવામાં આવ્યા છે. સાંભળીએ એક અહેવાલ..**

**(વોઇસ કાસ્ટ : પ્રવેશ અડિએચા )**

*(....આધુનિક ટેક્નોલોજીથી સજ્જ 'અભિરક્ષક'ને પાયલોટ પ્રોજેક્ટના ભાગરૂપે અમદાવાદ ગ્રામ્ય અને સુરત ગ્રામ્ય જિલ્લામાં તૈનાત કરાયા છે. આ વાહનમાં મેટલ કટર, ગ્લાસ કટર, બોલ્ટ કટર, ટેલિસ્કોપિક લેડર, સ્ટ્રેચર, જનરેટર, ભારે વજન ઉંચકી શકે તેવી વિંચ અને ઓક્સિજન બોટલ સહિત 32થી વધુ બચાવ સાધનનો સમાવેશ કરાયો છે. આ અભિરક્ષક માર્ગ અકસ્માતોના ઘટનાસ્થળે સૌથી પહેલાં પહોંચીને તાત્કાલિક સહાય પૂરી પાડશે અને "ગોલ્ડન અવર્સ" દરમિયાન ઈજાગ્રસ્તોને બચાવી તેમને નજીકની હોસ્પિટલ સુધી પહોંચાડશે.*

*પ્રવેશ અડિએચા આકાશવાણી સમાચાર અમદાવાદ)*

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે

અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...................................

## C UDEPUR RATION CARD

છોટાઉદેપુરમાં છ લાખ રૂપિયાથી વધુની આવક ધરાવતા અને આવકવેરા-પત્રક – I.T.R. ભરતા રૅશનકાર્ડ-ધારકોનું રૅશનકાર્ડ રદ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. છ તાલુકામાં પૂરવઠા વિભાગ દ્વારા આવા ગ્રાહકોને નૉટિસ અપાઈ રહી છે. અત્યાર સુધીમાં એક હજાર 600થી વધુ જેટલા રૅશનકાર્ડ ધારકોને નૉટિસ અપાઈ હોવાનું જિલ્લા પૂરવઠા અધિકારી એ. આઈ. હળપતિએ જણાવ્યું.

**(BYTE: A. I. HALPATI, DISTRICT SUPPLY OFFICER)**

. . . . . . . . . . .

## KUTCH STUDENTS

કચ્છ જિલ્લાના ડુમરા ખાતેની પી.એમશ્રી જવાહર નવોદય વિદ્યાલયના 29 વિદ્યાર્થીઓની રમત-ગમત સ્પર્ધામાં રાષ્ટ્રીયકક્ષાએ પસંદગી થઈ છે. આ વિદ્યાર્થીઓએ નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા

યોજાયેલી કલસ્ટર અને પ્રાદેશિક સ્તરે કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, ચેસ અને એથ્લેટીકસની વિવિધ રમતોમાં આ સિદ્ધિ હાંસલ કરી છે.

આ વિદ્યાર્થીઓ હવે છતીસગઢ, હિમાચલપ્રદેશ, ઓડીશા, ઉત્તરપ્રદેશ અને હરિયાણા ખાતે સ્પર્ધામાં ભાગ લેશે.

. . . . . . . . . . .

# BHUJ-RAJKOT TRAIN CANCELLED

8 ઑગસ્ટથી 28 સપ્ટેમ્બર સુધી ભુજ-રાજકોટ સ્પેશિયલ ટ્રેન રદ રહેશે. રેલવેની યાદીમાં જણાવ્યા અનુસાર પશ્ચિમ રેલવે દ્વારા હાલમાં મુસાફરોની સંખ્યામાં ઘટાડાને ધ્યાનમાં રાખીને, આ નિર્ણય કરાયો છે. તે મુજબ ભુજ-રાજકોટ ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ ૮ ઑગસ્ટથી ૨૮ સપ્ટેમ્બર સુધી જ્યારે રાજકોટ-ભુજ  સ્પેશિયલ ટ્રેન ૭ ઑગસ્ટથી ૨૭ સપ્ટેમ્બર સુધી રદ રહેશે.

. . . . . . . . . . .

# Udhna Railway Plateform

પશ્ચિમ રેલવેએ ઉધના રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર 6 પર ઊંચાઈ વધારવાની કામગીરીને લઈને 7 ઓગસ્ટથી 45 દિવસ મેગા બ્લોક જાહેર કર્યું છે. આ દરમિયાન પ્લેટફોર્મ સંપૂર્ણપણે બંધ રહેશે અને પ્લેટફોર્મ પર આવતી-જતી ટ્રેન ઉધનાના વૈકલ્પિક પ્લેટફોર્મ પર સંચાલિત કરવામાં આવશે તેમ રેલવેની યાદીમા જણાવાયું છે.

. . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યમાં વરસાદે વિરામ લીધો છે. ત્યારે અત્યાર સુધી મોસમનો સરેરાશ 63 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં 67 ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યના 50 જળાશય હાઇએલર્ટ પર છે. 28 જેટલા જળાશય સંપૂર્ણ ભરાયા છે. અત્યાર સુધી વરસાદથી અસરગ્રસ્ત 763 લોકોને બચાવી લેવાયા છે જ્યારે 4 હજાર 399 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 7 દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જોકે રાજ્યના કોઈ પણ જિલ્લામાં ભારે વરસાદનું એલર્ટ નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મોનસૂન ટ્રફ તેની સામાન્ય સ્થિતિથી ઉત્તર તરફ પસાર થઈ રહ્યો છે, જેના કારણે રાજ્યમાં છૂટાછવાયા વરસાદની સંભાવના છે. આવતીકાલે ઉત્તર, મધ્યપૂર્વ અને દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદની શક્યતા છે.

. . . . . . . . . . .

# KUTCH STUDENTS

કચ્છ જિલ્લાના ડુમરા ખાતેની જવાહર નવોદય વિદ્યાલયના 29 વિદ્યાર્થીઓની રમત-ગમત સ્પર્ધામાં રાષ્ટ્રીયકક્ષાએ પસંદગી થઈ છે. આ વિદ્યાર્થીઓએ નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા યોજાયેલી કલસ્ટર અને પ્રાદેશિક સ્તરે કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, ચેસ અને એથ્લેટીકસની વિવિધ રમતોમાં આ સિદ્ધિ હાંસલ કરી છે.

આ વિદ્યાર્થીઓ હવે છતીસગઢ, હિમાચલપ્રદેશ, ઓડીશા, ઉત્તરપ્રદેશ અને હરિયાણા ખાતે સ્પર્ધામાં ભાગ લેશે.

. . . . . . . . . . .

# MITIYAJ GRAM PANCHAYAT

ગીરસોમનાથ જિલ્લાના કોડીનારની મીતિયાજ ગ્રામ પંચાયત લોકોના કામ માટે હવે રાત્રે પણ કાર્યરત રહેશે. ગામના નવનિયુકત સરપંચે ગરીબ અને મધ્યમ વર્ગના ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને આ મહત્વનો નિર્ણય લીધો છે. તે અંતર્ગત મિતિયાજ ગ્રામ પંચાયત કચેરી આજથી દરરોજ રાત્રે સાડા આઠથી 10 વાગ્યા સુધી ખુલ્લી રહેશે.

આ નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે, ગ્રામજનો અને ખેડૂતો દિવસભર વ્યસ્ત રહેતા હોવાથી તેઓ રાત્રે આ ગ્રામપંચાયતની સેવાનો લાભ લઇ શકે.

. . . . . . . . . . .